# સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર.
મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત..
અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..
**આશાપુરા ન્યૂઝ એજન્સી**
કે.પી. જાડેજા
હવાઈચોક, જામનગર
મો.૯૩૨૮૧૦૪૧૮૨



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષ: ૮ ● અંક: ૩૫૨ ● તારીખ: ૨૯.૧૦.૨૦૨૩, રવિવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**આજનો સુવિચાર**

રુદ્રાક્ષનો મણકો હોય કે માનવ, એક મુખ વાળો જેને પણ મળી જાય તેનો ભવસાગર પાર થઈ જાય !



હાપા યાર્ડમાં મગફળી અને કપાસની જણસથી ઉભરાયું: આવક બંધ કરાઈ

વાંચો પાના નં. 02



જામનગરમાં ગરબી મંડળની હજારો બાળાઓને અપાશે મહાપ્રસાદ

વાંચો પાના નં. 03



જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ પોલીસ-કર્મીઓ સાથે ગરબે રમ્યા

વાંચો પાના નં. 04

# પ્રકૃતિ આંતરરાષ્ટ્રીય ડોક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટિવલ:ગુજરાત યુનિવર્સિટીમાં ૧૫મા ત્રણ દિવસીય ફિલ્મ મહોત્સવનો શુભારંભ; ૪ શ્રેણીમાં ૧૫ ફિલ્મનું સ્ક્રીનિંગ કરાશે

અમદાવાદ: અમદાવાદમાં ૧૫મા પ્રકૃતિ આંતરરાષ્ટ્રીય ડોક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટિવલનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉદ્દઘાટન કર્યું હતું. પર્યાવરણ, વિકાસ, માનવ અધિકાર અને સ્વચ્છ ભારત વિષય પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મોના ફેસ્ટિવલને ખુલ્લો મુકતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, પૃથ્વી, વાયુ, જળ, આકાશ અને અગ્નિ પ્રકૃતિના આ પાંચ તત્વોથી બનેલા આપણા શરીરના સ્વાસ્થ્ય પર પ્રકૃતિની સીધી અસર છે. પ્રકૃતિ જેટલી સુરક્ષિત, સંયમિત અને નિયંત્રિત એટલું આપણું શરીર સ્વસ્થ, નિરોગી અને નિયંત્રિત. પ્રકૃતિનું જતન-સંવર્ધન કરીએ, પ્રકૃતિ જ વિશ્વશાંતિનો આધાર છે.

કોન્સોર્શિયમ ફોર એજ્યુકેશનલ કોમ્યુનિકેશન, નવી દિલ્હી દ્વારા ગુજરાત યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના સહયોગથી આયોજિત ૧૫મો પ્રકૃતિ આંતરરાષ્ટ્રીય ડોક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટિવલ ગુજરાત યુનિવર્સિટીના શ્યામાપ્રસાદ મુખર્જી ઑડિટોરિયમમાં તા. ૩૦ ઓક્ટોબર સુધી ચાલશે. આ ડોક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટિવલનું દીપ પ્રગટાવીને શુભારંભ કરાવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ઈન્ડિયા' આહ્વાનથી પરંપરાગત




શિક્ષણ પદ્ધતિમાં નવા પરિમાણો ઉમેરાયા છે. ડિજિટાઈઝેશન સમયની માંગ છે, ત્યારે ઈઊઈ, નવી દિલ્હી યુવા પેઢી માટે પ્રેરણાનું કેન્દ્ર બન્યું છે. સમગ્ર ભારતમાં ૨૧ ઊખછ્ઈ ધરાવતા ઈઊઈ પાસે ૧૨ ક્ષેત્રિય ભાષાઓમાં ડિજિટલ પાઠ્યક્રમ ઓનલાઇન ઉપલબ્ધ છે.

મનુષ્યની પ્રકૃતિ-સ્વભાવ હકારાત્મક, કલ્યાણકારી અને કરુણામય હશે, તો ધરતી પર સ્વર્ગની અનુભૂતિ થશે. એમ કહીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, મનુષ્યની પ્રકૃતિ-સ્વભાવ બદલવા કઠિન છે, પણ જો મન-સ્વભાવ-પ્રકૃતિ બદલાઈ જાય તો ધરતીની પ્રકૃતિનું પણ જતન-સંવર્ધન થશે. મનુષ્યએ પ્રકૃતિ સાથે કરેલી છેડછાડનું પરિણામ એટલે ગ્લોબલ વોર્મિંગ. જો મનુષ્ય હજુ પણ નહીં સુધરે તો ગંભીર દુષ્પરિણામો ભોગવવા પડશે. પ્રકૃતિ એ ઈશ્વરીય વ્યવસ્થા છે. મનુષ્ય પોતાના પ્રકૃતિ-સ્વભાવથી પ્રકૃતિનું ઉત્થાન પણ કરી શકે છે અને વિનાશ પણ કરી શકે છે. 'સર્વે ભવન્તુ સુખીન:'ની 'સંસ્કૃતિમાં આસ્થા ધરાવતા આપણે આખી દુનિયા સુખી રહે, આનંદમાં રહે એવી કામના કરીએ છીએ. જો મનુષ્યની પ્રકૃતિ સકારાત્મક અને કરુણામય હશે તો આ વિશ્વમાં આતંકવાદ, ખૂન-ખરાબા કે એટમબોમ્બનું અસ્તિત્વ જ નહીં રહે. ડોક્યુમેન્ટરી ફિલ્મના માધ્યમથી મનુષ્યની પ્રકૃતિ બદલવાના પ્રયત્નની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, જો મનુષ્યની પ્રકૃતિ પોઝિટિવ થઈ જશે, તો ધરતીની પ્રકૃતિ પણ પોઝિટિવ થઈ જશે. શુભારંભ સમારોહમાં ઈ.એમ.આર.સી., અમદાવાદ દ્વારા તૈયાર કરાયેલી પ્રાકૃતિક કૃષિ વિષયક ડોક્યુમેન્ટરી ફિલ્મનું પણ સ્ક્રિનિંગ કરાયું હતું. ૧૫મા પ્રકૃતિ ઈન્ટરનેશનલ ડોક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન પ્રસંગે સી.ઈ.સી., નવી દિલ્હીના ડાયરેક્ટર જગત ભૂષણ નડ્ડાએ કહ્યું હતું કે, આ ફેસ્ટિવલ ફિલ્મ નિર્માતાઓ તથા યુવાઓમાં પર્યાવરણ, માનવ અધિકાર, વિકાસ તથા સ્વચ્છતાને લગતા જુદા જુદા મુદ્દાઓને ઉજાગર કરવા તથા તેને લગતા પ્રશ્નોના નિરાકરણ અને લોક જાગૃતિ માટે ફિલ્મો માધ્યમ તરીકે ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સૌ પ્રથમ ૧૯૯૭માં શરૂ થયેલા અને રાષ્ટ્રીય કક્ષા સુધી સીમિત તેવા આ ફિલ્મ ફેસ્ટિવલની યાત્રા આંતરરાષ્ટ્રીય ફલક સુધી પહોંચી છે.

# જામનગરમાં ચંદ્રગ્રહણને લીધે સુપ્રસિધ્ધ મંદિરો રહ્યા બંધ



તસ્વીર: જીતુ સોલંકી

જામનગરમાં ગઈકાલે બપોર બાદ ૩ વાગ્યાથી ચંદ્રગ્રહણને લીધે શહેરના સુપ્રસિધ્ધ મંદિરોને બંધ કરવામાં આવ્યા હતા. જામનગર, રાજકોટ, દ્વારકા, ખંભાળીયા, ધ્રોલ વગેરે જગ્યાએ ચંદ્રગ્રહણ નો સમય રાત્રી ના ૧.૪૪ મિનિટે એકજ સમયે ચંદ્રગ્રહણ નિહાળી શકાશે તેમ જામનગરના ખગોળશાસ્ત્રી કિરીટ ભાઈ શાહની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકામાં ધોધમાર વરસાદ, ખેડૂતોની ચિંતા વધી

દ્વારકા: રાજ્યમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે, ત્યારે ફરી એક વખત વાતાવરણમાં પલટાના સમાચાર સામે આવી રહ્યા છે. આજે શનિવારે દ્વારકાના વાતાવરણમાં પલટો આવ્યો છે અને અહીં ધોધમાર કમોસમી વરસાદ પડ્યો છે. કલ્યાણપુર તાલુકાના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. કલ્યાણપુર, દેવળીયા, ચાસલાણા સહિતના ગામોમાં વરસાદ પડ્યો છે. કમોસમી વરસાદને કારણે ખેડૂતોની ચિંતા વધી છે. મગફળીના તૈયાર પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ચાલો, જોઈએ આગામી સાત દિવસ દરમિયાન કેવું રહેશે વાતાવરણ અને શું માવઠું થવાની શક્યતા છે?

દ્વારકામાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. આવામાં આગામી સમયમાં હવામાન કેવું રહેશે તે જાણવું અત્યંત જરૂરી બની જાય છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યનું હવામાન કેવું રહેશે, તે અંગે અનુમાન વ્યક્ત કર્યો છે. ૨૮મી ઓક્ટોબરથી ૩ નવેમ્બર દરમિયાન રાજ્યમાં સૌરાષ્ટ્ર સહિત તમામ જિલ્લાઓમાં વાતાવરણ સૂકુ રહેવાની સંભાવના છે.

## કચ્છના મત્સ્ય પાલન ઉદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અંગે કેન્દ્રીય મંત્રીને માનવતા ગ્રુપ, આદિપુર કચ્છ દ્વારા રૂબરૂ મા રજૂઆત કરાઈ

# કચ્છના પશુ પાલકોના હિત માટે ત્વરીત ઉકેલ લાવો: ગોવિંદ દનીચા





કચ્છની એક દિવસીય મુલાકાતે આવેલા મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાને માનવતા ગ્રુપના પ્રમુખ ગોવિંદ દનીચા એ રૂબરૂ મળી કચ્છના મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના વર્ષોથી પડતર પ્રશ્નો બાબતે આંગે આવેદનપત્ર આપી વહેલી તકે ઉકેલ લાવવા રજૂઆત કરી હતી. તેમણે પત્રમાં વિગતવાર ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે...૧,કચ્છમાં દુધાળા પશુઓથી મહતમ દૂધની પ્રાપ્તિ થાય છે. કચ્છ એ વર્ષોથી ખેતી અને પશુપાલન પર નિર્ભર વિશાળ મોટો જિલ્લો છે ત્યારે દુધાળા પશુઓની ખરીદી માટે અને પોલ્ટ્રી ફાર્મ ના નિર્માણ માટે વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે રસ ધરાવતા લોકોને બેંકો ધિરાણ આપવામાં રસ બતાવતી ન હોય. રસ ધરાવતા આવા પશુપાલકોને બેંકો વહેલી તકે અને સરળતાથી લોન ઉપલબ્ધ કરાવે તેવી લોકોની માંગ છે.૨,પશુપાલનના વ્યવસાય કરવા માટે અનુભવી તેમજ રસ ધરાવતા લોકોને સરકારી પડતર જમીન સરકારી દરે અથવા રાહત દરે વહેલી તકે ઉપલબ્ધ કરવામાં આવે તો આ વ્યવસાય માં વધૂ ગતિ આવી શકે છે.૩,અનુસૂચિત જાતિ , અનુસૂચિત જનજાતિ તેમજ લઘુમતી સમાજ માટે આવા વ્યવસાય ની ધિરાણ માં સબસીડીમાં વધારો કરવાની ખાસ જરૂર છે .૪, કચ્છમાં લાખો પશુઓ છે ત્યારે વારંવાર પશુલક્ષી બીમારીઓમાં ઉછાળો આવતો હોય , કચ્છમાં અનેક પશુ દવાખાનાઓ છે પરંતુ આવા પશુ દવા ખાનાઓમાં પશુ તબીબોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે જેથી સમયસર અને પૂરતી સારવાર ન મળવાથી અનેક પશુઓના મૃત્યુ થવાના દાખલાઓ મોજુદ છે સાથે સાથે આવા દવાખાનાઓમાં પૂરતી દવાઓ અને સાધનો નો પણ અભાવ હોવાથી પણ પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે.

૫. પશુપાલન ગરીબ ગ્રામીણ ખેડૂતો માટે ખૂબ જ મહત્વનો વ્યવસાય છે અને વિશાળ સંખ્યામાં ખેડૂતો પોતાની આજીવિકા માટે પશુપાલન પર નિર્ભર છે હાલમાં ગ્રામીણ વસ્તીને ના ૫૫% થી વધુ લોકો પશુપાલનને પોતાની આજીવિકા બનાવી છે . પશુપાલન અને નિભાવ કરતી પાંજરાપોળો ના સુચારું સંચાલન અને પોષણ માટે સરકારશ્રીએ વધુ આર્થિક સહાય પૂરી પાડવાની ખાસ જરૂર છે

૬. દૂધ ઉત્પાદનથી દૂધ, દહીં ,પનીર, માખણ અને ક્રીમ જેવા વિવિધ ઉત્પાદનમાં થતી ભેળસેળને નિયંત્રિત કરવા સમયાંતરે આવી ખાદ્ય વસ્તુઓ ના નમુના લઈ તપાસ કરી ભેળસેળ કરતાં તત્વો વિરુદ્ધ સખત કાનૂની કાર્યવાહી કરવાનો આદેશ કરવાની ખાસ જરૂર છે. ૮, પશુપાલન અને તેના અનુસાનિક ઉત્પાદન ને પ્રોત્સાહન મળે અને વધારો થાય તો દેશની વિદેશી મુદ્રામાં પણ વધારો થઈ શકે તેમ છે તેથી પશુપાલન અને તેના અનુસાનિક ઉદ્યોગને વધુ પ્રોત્સાહન અને આપની સરકાર શ્રી દ્વારા મજબૂત પીઠબળ મળે તો દેશને વધુ ફાયદો થાય તેમ છે. ૯, કચ્છના નાના બંદરો જેવા કે ભદ્રેશ્વર, વાવડી બંદર, લુણી બંદર, વીરા બંદર અને અન્ય ગ્રામીણ વિસ્તારને સ્પર્સતા બંદરો પર માળખાકીય સુવિધાઓનો છેલ્લા લાંબા સમયથી અભાવ છે. સાથે સાથે પ્રાથમિક જરૂરિયાત એવા પીવાના પાણીનો પણ વર્ષોથી અભાવ છે જો આ સુવિધા સરકાર શ્રી દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે તો માછીમારોને ખૂબ ખૂબ રાહત દરે તેમ છે.

૧૦. માછીમારી ના એન્ટ્રી પાસ માટે માછીમારો ને વિવિધ સરકારી પ્રશાસન વારંવાર કન્નડગત કરતું હોય અને મોટી રકમની પ્રસાદી માંગતા હોવાથી ગરીબ માછી મારો હેરાન પરેશાન છે. અવારનવાર ગરીબ માછીમારોને હેરાન પરેશાન કરતા આવા લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે .૧૧, માછીમારો જ્યારે નવી બોટ ખરીદે છે ત્યારે તેના નોંધણી માટે ની કાગડાકીય પ્રક્રિયા ખૂબ જ લાંબી અને ગૂંચ વાળી હોઈ માછીમારો અશિક્ષિત હોવાથી તેઓ નો ખુબ જ સમય વેડફાય છે તેથી નોંધણીની આ પ્રક્રિયાને સરળ બનાવવા ની ખાસ જરૂર છે .૧૨. હાલમાં માછીમારોને માછીમારી માટે સમુદ્રમાં જવા અગાઉ ટોકનની પ્રક્રિયા કરવી પડે છે જે ઓનલાઈન છે પરંતુ માછીમારો અશિક્ષિત હોય તેમને આ વારંવાર કરવી પડતી પ્રક્રિયામાં સમજ પડતી ન હોઈ અગાઉની જૂની પ્રચલિત બુકની પ્રથા અમલમાં લાવવા વિનંતી છે. ૧૩. માછીમારી માટે માછીમારો માટે સબસીડી વાળું ડીઝલ ઉપલબ્ધ કરાવવામાં આવતું હતું જેને વર્ષ ૨૦૦૫ થી બંધ કરવામાં આવ્યું છે તે માછીમારોના હિતમાં કડક નિયમો સાથે પુનઃ શરૂ કરવાની ખાસ જરૂર છે તેમ ગોવિંદ દનીચા એ જણાવ્યું હતું .

# જામજોધપુર યાર્ડ પર પુનઃ ભગવો લહેરાશે...?: પૂર્વ મંત્રીની જીત

## અગાઉ તેલીબીયા વિભાગની બે બેઠક બિનહરીફ થયા બાદ ભાજપ પ્રેરિત વેપારી પેનલના ચાર ઉમેદવારો જીત્યા: ખેડૂત વિભાગની ૧૦ બેઠક પર રસાકસીનો જંગ

જામજોધપુર: ભાજપના પૂર્વ મંત્રી, પૂર્વ ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્યની આગેવાનીમાં જામજોધપુર માર્કેટીંગ યાર્ડની ચૂંટણીનો જંગ ખેલાયો હતો, અને આજે જજમેન્ટ ડે છે ત્યારે માર્કેટ યાર્ડ પર પુનઃ ભાજપનો કબ્જો આવે એવા સંકેતો મળી રહ્યા છે, તેલીબીયા વિભાગની બે બેઠકો અગાઉ બીનહરીફ થયા બાદ આજે આ લખાય છે ત્યારે સવારે ૧૧.૧૦ કલાકે મત ગણતરી બાદ વેપારી વિભાગની ચાર બેઠકો ભાજપ પ્રેરિત ઉમેદવારો એ જીતી લીધી છે અને હવે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો પર સત્તાનો આધાર છે, અત્રે



નોંધનીય છે કે આ ચૂંટણી જંગ હાઈકોર્ટ અને લવાદ કોર્ટ સુધી પહોંચ્યો હતો.

આજે જાહેર થયેલા પરિણામોમાં વેપારી વિભાગના પૂર્વ મંત્રી ચીમનભાઈ શાપરીયા, વેપારી અગ્રણી નરેન્દ્રભાઈ કડીવાર, લોહાણા અગ્રણી ચીમનભાઈ અસાણી તથા જયસુખભાઈ વડાલીયાની જીત થઈ છે.

તેલીબીયા વિભાગમાં અગાઉ યાર્ડના પૂર્વ ચેરમેન બ્રિજરાજસિંહ જાડેજા અને કિશોરસિંહ જાડેજા બિનહરીફ આવી ચૂક્યા છે, આમ કુલ ૧૬ બેઠકોના ચૂંટણી જંગમાં અત્યાર સુધી ભાજપ પ્રેરિત પેનલોના ૬ ઉમેદવારો જીતી ચૂક્યા છે, ખેડૂત વિભાગની ૧૦ બેઠકોના પરિણામ પર સૌની નજર છે.

અત્રે નોંધનીય છે કે, યાર્ડની ચૂંટણી અંતર્ગત જામઆંબરડી અને વડવાળાની બે મંડળીઓના મતદાનના મુદ્દે મામલો લવાદ કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યો હેમતભાઈ ખવાના જૂથ તરફી ચૂકાદો આવ્યો હતો, મતલબ કે આ બન્ને મંડળીઓને મતદાનથી અળગા રાખી શકાયા ન હતા.

આ લખાય છે ત્યારે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે મતગણના ચાલુ છે અને એવા સંકેતો મળી રહ્યા છે કે, જો કોઈ મોટો સરપ્રાઈઝ ન આવે તો ભાજપ આસાનીથી જામજોધપુર યાર્ડપર પુનઃ ભગવો લહેરાવવામાં સફળ થઈ જશે.

બપોરે ૧.૧૫ કલાકે મળતા અહેવાલ મુજબ ખેડૂત વિભાગની દશ બેઠકોની મત ગણના ચાલુ છે અને તેમાં ભારે રસાકસીભર્યુ ચિત્ર ઉપસી રહ્યું છે, જો કે કુલ ૧૬માંથી ૬ બેઠકો ભાજપ પ્રેરીત જુથ મેળવી ચૂક્યું છે અને હવે ખેડૂત વિભાગની ત્રણ-ચાર બેઠકો પણ એમના ખાતામાં આવે તો આસાનીથી ભાજપ પ્રેરીત જુથ પુનઃ એક વખત માર્કેટ યાર્ડ પર કેસરીયો લહેરાવવામાં સફળ થઈ જશે, કોઈ સરપ્રાઈઝ સર્જાય તો નવા જુની પણ થઈ શકે, જો કે તેની શકયતા ખુબજ ધૂધળી છે, અને ભાજપ પ્રેરીત જુથનો હાથ ઉપર રહેવાની પ્રબળ સંભાવના છે.

# હાપા યાર્ડમાં મગફળી અને કપાસની જણસથી ઉભરાયું: આવક બંધ કરાઈ







તસ્વીરઃ જીતુ સોલંકી

હાપા માર્કેટીંગ યાર્ડમાં જણસની જંગી આવક થવા પામી છે, ખાસ કરીને મગફળી અને કપાસ આ બેની જ ૬૮૪૫૩ અને કુલ ૮૨૭૩૪ મણ આવક થતાં હાપા યાર્ડ જણસથી છલોછલ થવા પામ્યું છે. જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડમાં આજે ૭૨૮ ખેડુતો ૧૭ જણસીઓની ૮૨૭૩૪ મણ હરરાજીમાં લાવ્યા હતાં. જેમાં કપાસ અને મગફળીની આવક થઈ છે, મગફળી જાડી તથા જીણી થઈને કુલ ૩૨ હજાર ગુણી અને ૫૬ હજાર મણ તથા કપાસની વાત કરીએ તો ૪૯૮૧ ગુણી અને ૧૨૪૫૩ મણ થઈને ૬૮૪૫૩ ફક્ત આ બે જ જણસની આવક થવા પામી હતી. નવા સુકા મરચાની આવક થઈ છે અને ૫૬ ગુણી મરચાના ભાવ રૂ.૧૨૦૦ થી ૩૭૦૦, જીણી મગફળીના ભાવ ૧૧૫૦ થી ૨૪૨૫, જાડી મગફળીના ૧૧૦૦ થી ૧૩૫૦ ભાવ બોલાયા હતા. જ્યારે કપાસની વાત કરીએ તો કપાસના ભાવ ૧૨૦૦ થી ૧૫૪૦ બોલાયા હતા, લસણના ૮૦૦ થી ૨૨૦૦ સુધીના ભાવે સોદા થયા હતાં. હાપા યાર્ડમાં જુવાર ૫૦૦ થી ૧૦૪૦,બાજરી ૩૫૦ થી ૪૩૫, ઘઉં ૪૭૯ થી ૫૭૯, મગ ૧૨૦૦ થી ૧૫૦૫, અળદ ૧૪૦૦ થી ૧૯૯૫, ચોળી ૧૦૦૦ થી ૧૩૪૦, ચણા ૧૦૩૫ થી ૧૧૭૫, એરંડા ૧૦૫૦ થી ૧૧૪૦, તલી ૨૯૦૦ થી ૩૩૯૫, રાયડો ૯૫૦ થી ૧૦૨૦, ધાણા ૧૦૦૦ થી ૧૪૨૦, સોયાબીન ૮૮૫ થી ૯૩૦ સુધીના ભાવો બોલાયા હતા. હાપા યાર્ડની મગફળીની પુષ્કળ આવક થતા બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી આવક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, આજે ૨૦૦ ગુણીનો જથ્થો રૂા. ૨૪૨૫ પ્રતિ મણ હરરાજીમાં વેચાયેલ હતો. કુલ ૭૨૮ ખેડૂતો દ્વારા ૮૨૭૩૪ મણ જણસની આવક આજે હાપા યાર્ડમાં થવા પામી હતી, જે હાપા યાર્ડના સેક્રેટરી હિતેષભાઇ પટેલની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજનની બેઠક યોજાઈ

## સરદાર વલ્લભભાઈ પટેલજીની જન્મજયંતી નિમિતે લાખોટા તળાવ પાસે એકતા દૌડનું આગામી તા.૩૧ ઓક્ટોબરના આયોજન કરાશેઃ કલેક્ટર

જામનગરઃ તા.૩૧ ઓક્ટોબરના રોજ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના મહાન સેનાની અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલજીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકાર દ્વારા આ દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસે એકતા દૌડ એટલે કે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં દેશભરના નાગરિકો ઉત્સાહપૂર્વક મેરેથોનમાં તેમજ અન્ય રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

જામનગર જિલ્લા કલેકટર બી.એ.શાહના અધ્યક્ષસ્થાને રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજનની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉપસ્થિત અધિકારીગણ સાથે ચર્ચા કર્યા બાદ કલેકટરએ જણાવ્યું હતું કે, જામનગરના સુપ્રસિદ્ધ લાખોટા તળાવ પાસે આગામી તા.૩૧ ઓક્ટોબરના રોજ એકતા દૌડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, જેમાં ૩૫૦૦થી વધુ



તસ્વીરઃ જીતુ સોલંકી

નાગરિકો ભાગ લેશે તેવી સંભાવના છે. તેમજ સ્થળ પર રનર્સ માટે જામનગર મહાનગર પાલિકા દ્વારા બનાવેલા રજીસ્ટ્રેશન કાઉન્ટરમાં ઓન ધી સ્પોટ રજીસ્ટ્રેશન કરવામાં આવશે. મેરેથોનમાં બાળકો, મહિલાઓ અને ઓપન ફોર ઓલ એમ ૩ કેટેગરી બનાવવામાં આવી છે. તેમજ મેરેથોનના માર્ગમાં પીવાનું પાણી, શેડ, લીંબુ શરબત અને ઓ.આર.એસ.ના પેકેટ્સનું વિતરણ કરાશે અને મેડિકલ ઓફિસર્સની ટીમ હાજર રહેશે.

ઉક્ત બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જામનગર (શહેર) પ્રાંત અધિકારી પરમાર, જામનગર (ગ્રામ્ય) પ્રાંત અધિકારી ડોબરીયા, જિલ્લા શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ, જિલ્લા રમત વિકાસ અધિકારી રમા કે. મદ્રા, જામનગર (શહેર) મામલતદાર વિરલ માકડીયા, જામનગર એરફોર્સના અધિકારીગણ તેમજ અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતાં.

# નિકાવા ગામના ખેડૂતે ઝેરી દવા પી મોત મીઠું કર્યુ

જામનગરઃ કાલાવડ તાલુકાના નિકાવા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ૬૫ વર્ષના વૃધ્ધે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા પછી સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું છે. કાલાવડ તાલુકાના નિકાવા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા શામજીભાઈ બેચરભાઈ પરમાર નામના ૬૫ વર્ષના બુઝુર્ગે પોતાની વાડીમાં અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવા પછી ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ મનજીભાઈ બેચરભાઈ પરમારે પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# પૂ.જલારામ બાપાની ૨૨૪ મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી અંતર્ગત લોહાણા સમાજની મિટીંગ

## રઘુવંશી ભાઈઓ, બહેનો, યુવાનોને ઉપસ્થિત રહેવા જીતુ લાલનો અનુરોધ

જામનગરઃ આગામી સવંત ૨૦૮૦ કારતક સુદ ૭ ને રવિવાર, તા.૧૯-૧૧-૨૦૨૩ ના રોજ સંત શીરોમણી પૂ.જલારામ બાપાની જન્મજયંતિનો ઉત્સવ આવી રહેલ હોય તે પ્રસંગને ધામધુમથી ઉજવવા તથા લોહાણા સમાજનું સમૂહ જ્ઞાતિ ભોજન (નાત), લોકડાયરો અને સ્વયંસેવકોના સન્માન સમારોહ સહિતના પ્રસંગો ઉજવવાનું આયોજન કરવામાં આવશે.

ખાસ જામનગરમાં વર્ષ ૧૯૯૯ થી પૂ.જલારામ બાપાની જયંતિ ઉજવણી કરવામાં આવે છે.આ વર્ષે જલારામ જયંતિની ઉજવણીને ૨૫ વર્ષ એટલે કે સીલ્વર જયુબલી થતી હોય જેથી આગામી પ્રસંગને વિશિષ્ટ રીતે ધામધૂમપૂર્વક ઉજવવાના આયોજન માટે જામનગર લોહાણા સમાજની



મિટીંગ તા.૨૯-૧૦-૨૦૨૩ ને રવિવારના રોજ બપોરે ૧૧-૩૦ થી ૧૨-૩૦ કલાક સુધી શ્રી લોહાણા મહાજનવાડી, ઠકરાર વિંગ, પંચેશ્વર ટાવર, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.

આ મિટીંગમાં લોહાણા જ્ઞાતિના ભાઈઓ-બહેનો, યુવાનો, વડિલો, લોહાણા સમાજની વિવિધ સંસ્થાના હોદેદારો સહિત તમામ કાર્યકરોને બહોળી સંખ્યામાં સમયસર ઉપસ્થિત રહેવા શ્રી જલારામ જયંતિ મહોત્સવ સમિતિના સદસ્ય જીતેન એચ.લાલ (જીતુ લાલ) ની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સલાયામાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

ખંભાળિયાઃ ખંભાળિયા તાલુકાના સલાયા ગામના ડીવી નગર વિસ્તારમાંથી પોલીસે જાહેરમાં ગંજીપત્તા વડે તીનપત્તી નામનો જુગાર રમી રહેલા આમીન ઉર્ફે જાયલી અબ્બાસભાઈ સુંભણીયા, કાસમ જુનસ ગજણ, અજીજ જુસબ સંઘાર, હમીદ સાલેમામદ લોરુ અને ઓસમાણ ઈબ્રાહીમ સંઘાર નામના પાંચ શખ્સોને ઝડપી લઈ રૂપિયા ૫૭૩૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

## તંત્રી સ્થાનેથી..

### જગતાતની પીડા !

આત્મહત્યા કરનારાઓમાં ખેડૂતો મોખરે રહ્યા છે. તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે ખેડૂતોને માનસિક બિમારી અસર કરી રહી છે. એનાં કારણો શું છે? ઉપાયો શું છે? એના પર હવે અભ્યાસ થવા લાગ્યો છે. વીતેલા ચોમાસામાં મરાઠાવાડામાં થયેલા સર્વેક્ષણ દરમિયાન સંશોધકોએ જોયું કે મોટા ભાગના ખેડૂતો આકરી ગરમીમાં વાવણી કરી રહ્યા હતા અને વરસાદની રાહ જોઈ રહ્યા હતા અને તેના વિલંબથી બેચેન બન્યા હતા. પાકની વાવણીનો માત્ર બીજો મહિનો હતો અને મહારાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાંથી સંશોધકોને ખેડૂતોને થયેલા નુકસાનની વાર્તાઓ સાંભળવા મળી રહી હતી. બદલાતા હવામાનને કારણે છેલ્લાં દસ વર્ષથી કમોસમી વરસાદ આવે છે અને તે ગ્રામીણ મહારાષ્ટ્રના ખેડૂતોની માનસિક બિમારીમાં પણ વધારો કરે છે, પરંતુ રાજ્યમાં રાજકીય ઉથલપાથલને કારણે કોઈને ચિંતા નથી કે ખેડૂતો કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. ભારતમાં ઈ. સ. ૨૦૨૧માં ૧૧ હજાર ખેડૂતોએ આત્મહત્યા કરી હતી અને તેમાંથી ૧૩ ટકા તો એકલા મહારાષ્ટ્રના હતા. આ માહિતી નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા આપવામાં આવી છે. આ આંકડા માત્ર મૃત્યુ પામનાર લોકોના છે. માનસિક બિમારીમાં ફસાયેલા ખેડૂતોની સંખ્યા આના કરતાં ક્યાંય વધુ છે. સહેજે આશ્ચર્ય થાય કે શા માટે આપણે આટલી ગંભીર સમસ્યા તરફ આંખ આડા કાન કરીએ છીએ? ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ માસ કોમ્યુનિકેશનના અહેવાલ કહે છે કે ઈ. સ. ૧૯૮૦ના દાયકા સુધી દરેક મિડીયામાં એવા પત્રકારો હતા, જે મજૂરો અને ખેત મજૂરો પર લખતા હતા. ધીરે ધીરે આ બંને મીડિયામાંથી ગાયબ થઈ ગયા.

## કેન્સર સામેના જંગમાં પાટીદાર તથા જૈન સમાજની અનુકરણીય પહેલ

# મહિલાઓને જી.જી.હોસ્પિટલ સુધી લાવવાથી લઈ મેમોગ્રાફી સહિતનો તમામ ખર્ચ ઉપાડે છે જૈન યુવક સેવા સંસ્થા

## જામનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોની ૧૫૦૦ થી વધુ મહિલાઓની મેમોગ્રાફી તપાસ શ્રી ખોડલધામ મહિલા સમિતીના માધ્યમથી શક્ય બની

જામનગરઃ મહિલાઓ સ્તન કેન્સર વિશે જાગૃત બને તેમજ સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરાવી કેન્સર સામે રક્ષણ મેળવે તે હેતુથી વૈશ્વિક સ્તરે ઓક્ટોબર માસને સ્તન કેન્સર જાગૃતિ માસ તરીકે ઉજવવામાં આવે છે. સ્ત્રીઓમાં ચિંતાજનક રીતે સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે જરૂરી બન્યું છે કે મહિલાઓ શરમ અને સંકોચ છોડી સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરાવે અને કેન્સરની હાડમારીથી રક્ષણ મેળવે.કેન્સર જાગૃતિ માસની ઉજવણીમાં જામનગરની જૈન તથા પાટીદાર સમાજની સામાજિક સંસ્થાઓએ પ્રેરણાદાય પહેલ આરંભી છે.આ સંસ્થાઓ પોતાના સમાજની બહેનોનું ગૃપ બનાવી તેઓને જામનગરની જી.જી.હોસ્પિટલ સુધી લઈ આવે છે. જ્યાં આ મહિલાઓની સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરવામાં આવે છે અને ત્યારબાદ જો કોઈ મહિલામાં કેન્સરના લક્ષણો જણાય તો તેને આગળની સારવારમાં પણ સંસ્થા





સંપૂર્ણપણે મદદરૂપ બને છે.આમાંની જૈન સેવા સંસ્થા મહિલાઓને ઘરેથી હોસ્પિટલ સુધી લાવવા લઈ જવા તેમજ મેમોગ્રાફી સહિતનો તમામ ખર્ચ પૂરો પાડે છે.જ્યારે શ્રી ખોડલધામ મહિલા સમિતિ મહિલાઓને હોસ્પિટલ સુધી લાવવા-લઈ જવાનો ખર્ચ ઉપાડી બખૂબી સામાજિક જવાબદારીનું વહન કરે છે.

આ અંગે જૈન યુવક સેવા સંસ્થાના રીટા મહેતા જણાવે છે કે જી.જી.હોસ્પિટલમાં તદ્દન નજીવા દરે મેમોગ્રાફી તપાસ કરવામાં આવે છે તે અંગેની અમારી સંસ્થાને જાણ થઈ જેથી સમાજની મહિલાઓ કેન્સરથી બચી શકે તે માટે તેઓને જી.જી. હોસ્પિટલ સુધી લઈ જવાની તેમજ તે અંગેનો તમામ ખર્ચ ઉપાડવાની અમારી સંસ્થાએ તૈયારી બતાવી. આથી સમાજની મહિલાઓ પણ ઉત્સાહભેર મેમોગ્રાફી કરાવવા આગળ આવી અને નિરંતર સંસ્થા દ્વારા ૧૫-૨૦ બહેનોનું ગૃપ બનાવી આ બહેનોની મેમોગ્રાફી કરાવવામાં આવી રહી છે.સંસ્થા દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે આ કામગીરી હાથ ધરાઈ છે અને અત્યાર સુધીમાં ૨૦૦ જેટલી મહિલાઓનું મેમોગ્રાફી ચેકઅપ પૂર્ણ થયું છે. રીટાબહેને અન્ય તમામ સમાજોને પણ અપીલ કરતાં જણાવ્યું છે કે તમામ જ્ઞાતિઓ કેન્સર સામેના જંગમાં સહભાગી બને અને સમાજને કેન્સર મુકત બનાવવા યથાશક્તિ પ્રયત્નો કરે.

આવી જ અન્ય એક સંસ્થા છે ખોડલધામ મહિલા સમિતિ. આ સંસ્થાએ પણ રેડિયોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.શિલ્પા ચુડાસમાના પરામર્શમાં રહી પાટીદાર સમાજના બહેનોની મેમોગ્રાફી તપાસ કરાવવાનું અભિયાન હાથ ધર્યું છે. સંસ્થાની મહિલાઓએ એક ટીમ બનાવી છે કે જે સમાજના બહેનોને સ્તન કેન્સરના જોખમ અંગે જાગૃત કરી તેઓને મેમોગ્રાફી તપાસ કરાવવા પ્રેરિત કરી સહાયરૂપ બને છે.આ સંસ્થા બહેનોને જી.જી. હોસ્પિટલ સુધી વિનામૂલ્યે મેમોગ્રાફી તપાસ માટે લઈ આવે છે અને અન્ય તમામ રીતે મદદરૂપ બને છે.હાલ જામનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ૧૫૦૦ થી વધુ મહિલાઓની મેમોગ્રાફી તપાસ આ સંસ્થાના માધ્યમથી શક્ય બની છે. અને જેમાંના બે-ત્રણ બહેનોને કેન્સરનું નિદાન થતાં પ્રાથમિક તબક્કે જ તેઓને સારવાર મળી રહેતા તેઓ હાલ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે.

જી.જી.હોસ્પિટલનાં ડો.શિલ્પા ચુડાસમા આ અંગે જણાવે છે કે સમાજમાંથી સ્તન કેન્સર નાબુદી માટે તમામ જ્ઞાતિ તથા સામાજિક સંગઠનોએ જાગૃત થવાની જરૂર છે.જી.જી.હોસ્પિટલ ખાતે નજીવા દરે સરળતાથી મેમોગ્રાફીની સુવિધા ઉપલબ્ધ છે ત્યારે જૈન તથા પાટીદાર સમાજની જેમ જ અન્ય સમાજોએ પણ સ્તન કેન્સરથી બચવા મેમોગ્રાફી તપાસને ખાસ અભિયાનના ભાગરૂપે હાથ ધરી પોતાના સમાજના વધુમાં વધુ મહિલાઓ આ તપાસ કરાવે તે માટે આગળ આવવું જોઈએ અને સ્વસ્થ અને મજબૂત સમાજના નિર્માણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

શ્રી હર્ષિદ્ઘ ગરબા મંડળ માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી હર્ષિદ્ઘ ગરબા મંડળના સંયુકત ઉપક્રમે

# જામનગરમાં ગરબી મંડળની હજારો બાળાઓને અપાશે મહાપ્રસાદ

## સૌરાષ્ટ્ર ગુજરાતની સુપ્રસિધ્ધ યાત્રાધામોના સંતો-મહંતો ખાસ પધારશેઃ સામૈયાની ચાલતી તડામાર તૈયારી ત્યારબાદ શરદ નવરાત્રીની પૂર્ણાહૂતિ વર્ષ-૨૦૨૩ માં ૪૮ વર્ષમાં મંગલ પ્રવેશ

જામનગરઃ છોટીકાશી તરીકે ઓળખાતા આપણાં જામનગરના શ્રી હર્ષિદા માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી હર્ષિદા ગરબા મંડળ દ્વારા તા.૧૫/૧૦/૧૯૭૫ માં માત્ર અગિયાર કાર્યકરો સાથે મળી હર્ષિદા ગરબા મંડળની સ્થાપના કરવામાં આવેલ. પહેલે વર્ષે માત્ર અગિયાર કુમારીકાઓને મહાપ્રસાદ જમાડી શુભ શરૂઆત કરવામાં આવેલ.

કોઈપણ જાતના સ્વાર્થ વગર ચાલી આવતી આ હર્ષિદા ગરબા મંડળની મહાપ્રસાદની પરંપરાની જાળવણી કરતા તા.૨૯/૧૦/૨૦૨૩ ને રવિવારના રોજ વિશા શ્રીમાળી સોની સમાજની વાડી, ખંભાળીયા નાકા બહાર, દ્વારકાપુરી રોડ પર મંડળ દ્વારા આશરે ૩૦,૦૦૦ બાળાઓને મહાપ્રસાદ જમાડવાનો મંડળ દ્વારા સંકલ્પ કરેલ છે. તેમાં શહેરના બાળકો તેમજ ગરબી મંડળના સંચાલકો, સેવાભાવિ કાર્યકરો તથા ધર્મપ્રેમી જનતાને મહાપ્રસાદ જમાડવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ગુજરાતની અલગ-અલગ ધાર્મિક જગ્યાના સંતો-મહંતો ખાસ ઉપસ્થિત રહી, પોતાના વરદ હસ્તે મહાપ્રસાદ પીરસી આ કાર્યક્રમની શુભ શરૂઆત કરાવશે.

આ કાર્યક્રમમાં બાળાઓને ભારતીય બેઠકમાં શિસ્તબધ કતારોમાં બેસાડી માતાજીનો મહાપ્રસાદ જમાડવામાં આવશે. તમામ બાળાઓને કોઈપણ જાતની તકલીફ ન પડે તેની ખાસ કાળજી તથા તકેદારી રાખવામાં આવશે તેમજ શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી આશરે ૫૦- જેટલી શાળાઓ તેમજ મદ્રેસાની બાળાઓ મહાપ્રસાદ ગ્રહણ કરશે.

આગામી કાર્યક્રમના શુભદિવસે મંડળ દ્વારા વહેલી સવારે ૬:૦૦ કલાકે કટારીયાવારા વાછરાદાદાની બાવનગજની ધજા સમારંભના શુભસ્થળે ફરકાવી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવશે ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે મંડળ દ્વારા મંગલાચરણ કરવામાં આવશે તેમજ સવારે ૧૦:૩૦ કલાકે સંતો-મહંતો સમારંભના શુભસ્થળે પધારશે. જેમનું ભવ્ય સ્વાગત અને સામૈયા કરવામાં આવશે. સવારે ૧૧:૦૦ કલાકે ભારતી આશ્રમ જુનાગઢ-સરખેજ-કેવડીયા વાંકિયાથી પધારેલ આંતરરાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અનંત વિભૂષિત મહામંડલેશ્વર શ્રીશ્રી ૧૦૦૮ સ્વામિશ્રી હરિહરાનંદ ભારતીજી મહારાજના વરદ હસ્તે માતાજીનો મંગલદિપ પ્રગટાવવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૧:૩૦ કલાકે સમારંભમાં પધારેલા સંતો-મહંતોના વરદ હસ્તે માતાજીની મંગલ આરતી ઉતારવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી પંચદશનામ જુના અખાડા, ભવનાથ તળેટી જુનાગઢથી પધારેલ થાનાપતિ મહંતશ્રી બુધ્ધગીરી બાપુના વરદ હસ્તે બાળાઓને મહાપ્રસાદ પીરસી સમારંભની શુભ શરૂઆત કરાવવામાં આવશે. તેમજ સમારંભના શુભસ્થળે શ્રી પંચ ખોડીયાર માતાજી મંદિર ગામ: કેરીયા, તા.લાઠી, જી. અમરેલીથી પધારેલ મહંતશ્રી ત્રંબકનાથજી બાપુ ખાસ ઉપસ્થિત રહી બાળાઓ, બટુકો તેમજ કાર્યકરોને શુભ આશિર્વચન પાઠવશે.

શ્રી ભવાની મંડળ ઉત્તર ગુજરાત પાટણના મહિલા સત્સંગ મંડળ દ્વારા માતાજીના રાસ ગરબા રજુ કરવામાં આવશે. ત્યારબાદ આમંત્રીત મહેમાનો તેમજ સેવાભાવિ કાર્યકરોને સન્માનિત કરી, આ કાર્યક્રમની પુર્ણાહૂતિ કરવામાં આવશે. કોઈપણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર આશરે ૩૦૦ કાર્યકરો પોતાની કારસેવા આપવા માટે ખડેપગે હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનું યોગદાન આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના ૫૦- કાર્યકરો રાત્રી કે દિવસ જોયા વગર તનતોળ મહેનત કરી ગરબી મંડળોમાં રૂબરૂ આમંત્રણ આપવા જાય છે તેમજ કાર્યક્રમની પુરેપુરી જાણકારી અને રૂપરેખા સમજાવવામાં છે. બપોરે ૧૨:૦૦ વાગ્યાથી આપના આગમન સુધી ચાલનારા આ મહાપ્રસાદ કાર્યક્રમને સફળ બનાવવામાં મંડળના સંચાલક રાજુભાઈ જોષી, ભરતભાઈ ચૌહાણ, સંદિપ મકવાણા, મુકેશભાઈ ચૌહાણ, સમિર વાસુ, મનોજ ચાવડા, ચંદુભાઈ પરમાર, પરેશભાઈ ચુડાસમા, અશ્વિનભાઈ બારડ, કેતન ગોરાતેલા, ભગવાનજી પરમાર, મોહન કછેટીયા, તુષાર દુબલ, જયદિપ ચાવડા, ધર્મેન્દ્રભાઈ મેર, જીતેન્દ્ર મકવાણા, કપીલ ચાવડા, મયુર પરમાર, દિવ્યેશ મકવાણા, મેહુલ મકવાણા, અખીલ મેર, રમેશ ગોહિલ, સોમા સાગઠીયા, નરેશ અજા, સંજય ગોહિલ, આશિષ જોષી, અનિરૂધ્ધ મકવાણા, ચેતન પરમાર, સાગર ચૌહાણ, નિલેશ ભટ્ટી, દેવદત પરમાર, સાગર વાસુ, ધર્મેશ સુખડીયા, ચંદ્રેશ ચૌહાણ, કાનજીભાઈ બથવાર, રમેશભાઈ છુછીયા આ મંડળના કાર્યકરો દ્વારા દરેક વિસ્તારોને આ મહાપ્રસાદમાં આવરી લેવામાં આવે છે. કોઈપણ બાળાઓ કે બટુકો પ્રસાદથી વંચિત ન રહી જાય તેમની ખાસ તકેદારી અને કાળજી રાખવામાં આવે છે. આ કાર્યક્રમમાં નગરના વેપારી આગેવાનો, ઉદ્યોગપતિઓ, પદાધિકારીઓ, અધિકારીઓ અને નગરની ધર્મપ્રેમી જનતા અને ધાર્મિક સંસ્થાઓ મહાપ્રસાદ ગ્રહણ કરશે. તેમ ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ જોષીની અખબાર યાદી જણાવે છે.

# વીજ કંપનીના કર્મીઓને એરીયર્સ ચુકવવા હુકમ



તસ્વીરઃ જીતુ સોલંકી

જામનગરઃ જીઈબીમાં વર્ષ ૧૯૭૮માં થયેલ પે રીવીઝન વખતે ટ્રેઈની હેલ્પર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને થયેલ અન્યાય બાબતે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘે (એજીવીકેએસ) ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં દાદ માંગેલ હતી જેમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલે કર્મચારી તરફે નિર્ણય આપેલ હતો. જેની સામે જીઈબીએ હાઈકોર્ટમાં અપીલ કરેલ હતી, જેનો ચુકાદો મે ૨૦૨૩માં આવેલ, જેમાં જીઈબીની અપીલ રદ કરેલ હતી. આમ, એજીવીકેએસનો વિજય થયો હતો. તે ચુકાદા મુજબ જે કર્મચારીઓને પી રીવીઝનમાં અન્યાય થયોહતો તેવા કુલ ૨૮ કર્મચારીઓએ જીઈબી/ પીજીવીસીએલને ચુકાદા મુજબ પે રીવીઝન કરી એરીયર્સની રકમ ચુકવી આપવા લેખિતમાં અરજી કરેલ છે. સદર બાબતે એજીવીકેએસ ફોલોઅપ લઈ રહ્યું છે, અને તા. ૧૭-૧૦-૨૦૨૩ના રોજ એજીવીકેએસના હોદેદારો, સભ્યો દ્વારા અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, જામનગરને રજુઆત કરવામાં આવેલ અને અધિક્ષક ઈજનેર મારફત સદર અરજીઓ સક્ષમ અધિકારીને મોકલી આપવા આવેલ છે.

# જામનગરમાં ઉત્સાહ સાથે ઉજવાતો જશ્ને ગૌષિયાનો પર્વ

## ઝુલુસમાં અસંખ્ય વાહનો અને હજારો મુસ્લિમોની હાજરી





તસ્વીરઃ જીતુ સોલંકી





જામનગરઃ જામનગર તા.૨૭ ને શુક્રવારના રોજ જશ્ને ગૌષિયા નિમિતે સુન્ની મુસ્લિમ જમાત જામનગર દ્વારા એક ઝુલુસનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે અનેરા ઉત્સાહ-અદબ અને અકિદત અને ઉમંગ સાથે પસાર થયો હતો, જેમાં હજારો સુન્ની મુસ્લિમ બિરાદરો હાજર રહી બારગાહે ગૌષિયામાં ખિરાજ અકિદત પેશ કરી હતી.

બપોર પછી ૪-૦૦ કલાકે નારા-એ તકબીર, નારા-એ રિસાલત તથા ગૌષ કા દામન નહી છોડેંગે ના ઈમાન અફરોઝ નારાઓથી શરૂ થયેલ આ ઝુલુસનો રસ્તામાં ઠેર-ઠેર ગરમ દૂધ, ચા, કોફી, બિસ્કીટ, ચોકલેટ, બોર્નવીટા, હલીમ, રગડો, બી-બટેટા, ચણા બટેટા, ભજીયા, હલવો, વેફર, ચેવડો, ખજુર, રસગુલ્લા, ફાલુદા, છાસ-લસ્સી તેમજ ઠંડુ પાણી વગેરે ન્યાઝ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ.

જશ્ને ગૌષિયાના મોકા પર પ્યારા નબીના પ્યારા રૂહાની ફરઝંદ હઝરત ગૌષ આઝમ પ્રત્યે પોતાની ખિરાજે અકિદત પેશ કરવા સુન્ની મુસ્લિમ આગેવાનો, કમીટીના કાર્યકર્તાઓ શામેલ હતા.

ઈસ્લામનો સૌથી મહત્વપૂર્ણ દિવસો પૈકી ગૌષે આઝમ દસ્તગીરની અગ્યારમી શરીફના પવિત્ર તહેવાર નિમિતે બપોર પછી ૪:૦૦ વાગ્યે શરૂ થયેલું આ ઝુલુસ સાયરપીર ચોક, સઈના વંડાથી શરૂ થઈ હાજીપીર ચોક, ઘાંચીની ખડકી, ગઢની રાંગ, કાલાવડ ગેઈટ રોડ, પાંચ હાટડી, દરબારગઢ, જુમ્મા મસ્જીદ, ટાવર મસ્જીદ, ચાંદી બજારથી પુનઃ દરબારગઢ ચોકમાં મોડી સાંજે સમાપ્ત થયું હતુ, ઝુલૂસના સમાપન સમયે મૌલાના મુસ્તાકબાપુ બ્લોચ (હબીબી) સાહેબ તરફથી ગાયે આઝમ દસ્તગીરની કરામતો અને તેમના પવિત્ર જીવન કાર્યોનું વર્ણન કરી હતી.

આ આલીશાન ઝુલુસમાં જામનગર શહેરની સુન્ની મુસ્લિમ જમાતોમાં કુરેશી જમાત, ખાટકી જમાત, આશીકે-એ રઝા કમીટી, સુન્ની રઝવી કમીટી, એલાન-સી ગ્રુપ વિગેરે ૦૫ જમાતો અને કમિટીઓની મિલાદ પાર્ટીઓ દરૂદો સલામ અને મિલાદ શરીફ પઢતા-પઢતા ઝુલુસમાં સામેલ થયા હતા.

આ ઝુલુસમાં ઓટો રિક્ષા, છકડો રિક્ષા, ટ્રક ટોરસ, મોટરકારો તથા મોટર સાયકલો, તેમજ સાયકલ વિગેરે નાના મોટા કુલ ૪૫ વાહનોને શણગારીને સામેલ કરવામાં આવ્યા હતા. આ રીતે સુન્ની મુસ્લમાનોએ પોતાના વાહનોને શણગારી પુરી અકિદત અને મોહબ્બત સાથે આ ઝુલુસમાં સામેલ થાય હતા. ઝુલુસ જે રસ્તાઓ પરથી પસાર થયું ત્યાં જશ્ને ગૌષિયાના બેનર અને કટઆઉટ લગાવવામાં આવ્યા હતા. તેમજ લોકોએ અનેક પ્રકારની ન્યાજો તકસીમ કરી હતી.

સુન્ની મુસ્લિમ જમાતના આગેવાનો તથા ઉમ્માએ કિરામની સદાવતમાં શરૂ થયેલા આ જુલુસમાં મસ્જીદોના ઈમામ સાહેબો બહોળી સંખ્યામાં ઝુલુસમાં સામેલ થયા હતા જેમાં મૌલાના મુસ્તાકબાપુ બ્લોચ, મૌલાના અબ્દુલ કાદર આરબ, સૈયદ ઈમ્તીયાઝ બાપુ. તેમજ સુની જમાતના પ્રમુખ હાજી જુમાભાઈ ખફી, સેક્રેટરી મો. ઈકબાલ બેલીમ સહિતના જામનગર શહેરના આગેવાનો અને કાર્યકરો અને હજારો સુન્ની મુસ્લિમ બિરાદરો સામેલ થઈ ખિરાજે અકિદત પેશ કરી હતી. અંતમાં ઝુલુસમાં શામેલ તમામ સુન્ની મુસ્લિમ બિરાદરોનો અને વ્યવસ્થા તંત્ર-પોલીસ તંત્રનો સુન્ની મુસ્લિમ જમાત તરફથી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# જામનગરમાં આયંબીલ ઓળી પારણા

જામનગરઃ શ્રી સ્થાનકવાસી જૈન સંઘ ચાંદી બજાર જામનગરના આંગણે ચાતુર્માસ બિરાજતા પ.પૂ.બા.બ્ર. દયાબાઈ મ.સ.ના સુશિષ્યાઓ પ.પૂ.બા.બ્રા.કુંદનબાઈ મ.સ.તથાપ.પુ.બા.બ્ર.હર્ષાબાઈ મ.સ.ની પાવનકારી નિશ્રામાં આસોમાસની શાશ્વતી આયંબીલ ઓળી ખુબ જ શાતાકારી રીતે ઉજવાઈ રહી છે. દાતા પરિવાર જામનગર નિવાસી, હાલ મુંબઈ સ્થિત સુષ્માબેન વિરેન્દ્રભાઈ શાહ, દેવાંગભાઈ વિરેન્દ્રભાઈ શાહ અને શ્રીમતી અનુપમાબેન દેવાંગભાઈ શાહ ખુબ જ આત્મીયતાના ભાવથી વ્યકિતગત તપશ્વીઓને શાતા પુછી પીરસવાનું કાર્ય સંભાળી રહેલ છે. આ કાર્યમાં શ્રી સંઘના ટ્રસ્ટીઓ, બહેનોનું મંડળ, તથા અન્ય સેવાભાવી ભાઈ બહેનો પણ તપશ્વીઓને વાનગીઓ પીરસવાની સુંદર સેવા આપે છે.

તા.૨૯-૧૦-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રી લોકાગચ્છ જ્ઞાતિની વાડીમાં દાતા પરિવાર તરફથી તપશ્વીઓને પારણા કરાવવામાં આવશે. તેમાં શ્રી સંઘના સર્વે ટ્રસ્ટીઓએ તથા દરરોજ સેવા આપી રહેલ બહેનોનું મંડળ, તથા ભાઈ બહેનોને પારણા પ્રસંગે પધારવા દાતા પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

ખંભાળિયાઃ પ્રેમ સંબંધનો અંજામ લોહિયાળ બની રહે તે પહેલા...

# જામનગરના ત્રણ શખ્સોને એલસીબીએ પકડી પાડયા

## મામા-ફોઈના ભાઈ-બહેનના સંબંધ વચ્ચે યુવાનની હત્યાનું કાવતરું ઘડાયું



ખંભાળીયાઃ ખંભાળિયામાં રહેતા એક વિપ્ર યુવાનને તેની ફોઈની દીકરી એવી પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધ થયા બાદ આ પરિણીત મહિલાએ છૂટાછેડા લઈ લેતા આ પ્રકરણ લોહિયાળ બને અને ખંભાળિયામાં રહેતા યુવાનની હત્યા નીપજાવવામાં આવે તે પૂર્વે ખંભાળિયાના પાદરમાંથી જિલ્લા એલસીબી પોલીસે યુવાનના દૂરના પરિચિત એવા ત્રણ શખ્સોને જીવલેણ હથિયારો સાથે દબોચી લીધા હતા.

આ પ્રકરણની એલસીબી સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયામાં રહેતા તુષાર મોતા નામના વેપારી યુવાનને જામનગર ખાતે રહેતી તેની ફોઈની દીકરી બહેન જ્યોતિબેન સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. બે સંતાનોની માતા એવી જયોતિબેનને તેણીના પરિણીત એવા મામાના દિકરા તુષાર મોતા સાથે પ્રેમ સંબંધના કારણે તુષાર તેણીને જામનગરથી ભગાડી ગયો હતો. આ અંગેની અરજી જયોતિબેનના પતિ દ્વારા સ્થાનિક પોલીસમાં અપાઈ હતી.

જયોતિબેનના લગ્ન આજથી આશરે ૧૪ વર્ષ પૂર્વે જામનગરમાં રાંદલનગર વિસ્તારમાં રહેતા કેતન કિશોરભાઈ મહેતા સાથે થયા હતા. તુષાર તેની પત્નીને લઈને ભાગી ગયાના આઠ દિવસ બાદ બંને પરત મળી આવ્યા હતા. બાદમાં કેતનની પત્ની જ્યોતિબેનને પોતાના પતિ સાથે છૂટાછેડા લઈ લીધા હતા અને તેણી મોટી ખાવડી ખાતે પોતાના માવતરે રહેવા જતી રહી હતી.

આમ, પરિવાર વેર-વિખેર થઈ જતા તુષારને મારી નાખવાના ઈરાદાથી ત્રણ શખ્સો બુધવારે રાત્રે ખંભાળિયા નજીકના માર્કેટિંગ યાર્ડ પાસે આવી અને હથિયારો સાથે ગાડી ચલાવતા તુષાર નીકળે ત્યારે તેનું ઢીમ ઢાળી દેવા માટે તૈયાર હોવાની ચોક્કસ બાતમી એલ.સી.બી.માં ફરજ બજાવી ચૂકેલા એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયાને મળી હતી.

આ પ્રકરણ અંગે એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા તાકીદે આ સ્થળે દોડી જઈ અને મોટરસાયકલ પર આવેલા મયુર કિશોરભાઈ મહેતા (ઉ.વ. ૩૬), કેતન કિશોરભાઈ મહેતા (ઉ.વ. ૩૩) અને જામનગરમાં તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં રહેતા મયુર જગદીશભાઈ ભટ્ટ (ઉ.વ. ૨૬) નામના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ પર આવેલા ત્રણ શખ્સોની તપાસમાં પોલીસને આ શખ્સો પાસેથી મરચાની ભૂકી, લોખંડના ત્રણ મજબૂત પાઈપ તેમજ ધારદાર છરી મળી આવી હતી.

તુષાર મોતાની હત્યા કરવાનો નિર્ધાર કરીને ગત રાત્રિના સમયે આવેલા ઉપરોક્ત શખ્સો દ્વારા હત્યા નીપજાવવામાં આવે તે પૂર્વે મુદ્દામાલ સાથે ઉપરોક્ત ત્રણેય શખ્સોની અટકાયત કરી લઈ અને વધુ તપાસ અર્થે આ શખ્સોનો કબજો ખંભાળિયા પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. ઝડપાયેલા આ આરોપીઓને પોલીસે અહીંની અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલત દ્વારા આરોપીઓને જેલ હવાલે મોકલી દેવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં એલસીબી વિભાગના એ.એસ.આઈ. અરજણભાઈ મારુની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે કેતન કિશોરભાઈ મહેતા, મયુર કિશોરભાઈ મહેતા અને મયુર જગદીશભાઈ ભટ્ટ સામે આઈ.પી.સી. કલમ ૩૦૭, ૧૨૦ (બી) તથા જી.પી. એકટની કલમ હેઠળ ગુનો નોંધી, મોટરસાયકલ સહિત કુલ રૂપિયા ૫૩,૫૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી અને એસ.વી. ગળચર, એ.એસ.આઈ. અરજણભાઈ મારુ, અજીતભાઈ બારોટ, વિપુલભાઈ ડાંગર, સહદેવસિંહ જાડેજા, હસમુખભાઈ કટારા, ગોવિંદભાઈ કરમુર, અરજણભાઈ ચંદ્રવાડીયા વિગેરે દ્વારા કરવામાં આવી હતી. આ પ્રકરણમાં આગળની તપાસ અહીંના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી ચલાવી રહ્યા છે.

# ખંભાળિયામાં આશાપુરા માતાજીના મંદિરના નિર્માણ માટે રૂપિયા પાંચ લાખનું અનુદાન





## ક્ષત્રિય અગ્રણી પી.એસ. જાડેજાની સેવા પ્રવૃત્તિ

ખંભાળીયાઃ ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજયા દસમી નિમિત્તે ક્ષત્રિય સમાજ દ્વારા રેલી તથા પૂજન અર્ચનના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ખંભાળિયાના પાદરમાં ખામનાથ મહાદેવના મંદિર નજીક આવેલા આશાપુરા માતાજીના મંદિર ખાતે રાજપૂત સમાજના આગેવાનો, કાર્યકરો યુવાનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે સમગ્ર હાલાર પંથકના રાજપૂત સમાજના પ્રમુખ પી.એસ. જાડેજાના વરદ હસ્તે પૂજન કરવામાં આવ્યું હતું.

આ સ્થળે આગામી સમયમાં આશાપુરા માતાજીના ભવ્ય મંદિરનું નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મંદિર માટે પી.એસ. જાડેજા દ્વારા રૂપિયા પાંચ લાખના અનુદાનની જાહેરાત પણ કરવામાં આવી હતી. અહીં પી.એસ. જાડેજાનું ફૂલહાર તથા માતાજીની છબી વડે સન્માન કરવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ પોલીસકર્મીઓ સાથે ગરબે રમ્યા






તસ્વીરઃ જીતુ સોલંકી

જામનગરઃ જામનગર જિલ્લા પોલીસ પરિવાર આયોજિત ગરબા મહોત્સવ ૨૦૨૩ નો આયોજન પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી ડી.પી.વાઘેલા, એમ બી.સોલંકી સહિત પોલીસ અધિકારીઓ પોલીસ પરિવાર સાથે ગરબે રમ્યા હતા. જ્યારે ખાસ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું પોલીસ પરિવાર સાથે ગરબે ઘુમીયા હતા. અને પોલીસ પરિવાર સાથે રાસ ગરબા નો આનંદ માણ્યો હતો.

જામનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં તાજેતરમાં જ નવરાત્રી પર્વના દસ દિવસ સમયગાળામાં અવિરત રીતે જિલ્લાની જનતાની સુરક્ષા તથા સલામતી માટે ફરજ પર રહેલા પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મી ના પરિવાર માટે ખાસ રાસ ગરબા નું સુંદર આયોજન જામનગર પોલીસ પરિવાર માટે પોલીસ હેડ કોટર ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. તેમજ નવરાત્રી પર્વ દરમિયાન સમગ્ર જિલ્લામાં કોઈ અનિચ્છાન્ય બનાવો બન્યો નથી અને શાંતિપૂર્વક નવરાત્રી પર્વની ભવ્ય રીતે લોકોએ ઉજવણી કરી હતી. ત્યારે જામનગર પોલીસ પરિવારમાં લાગણી તેમજ પરસ્પર ઉષ્મા માહોલ જળવાઈ રહે તે હેતુથી જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ જામનગરમાં ગઈકાલે રાત્રે રાસ ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા પોલીસ વડા સહિત ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કર્મીઓ તથા પોલીસ પરિવાર દ્વારા પોતાના પરિવારજનો સાથે પરંપરાગત ટ્રેડિશનલ ડ્રેસ માં મુક્તમને રાસ ગરબા રવૈયા હતા આનંદ માણ્યો હતો.

જિલ્લા પોલીસ તરફથી જ્યાં જિલ્લા પોલીસ ગ્રાઉન્ડ છે જ્યાં આપણે જે નવરાત્રી આજે નવ દિવસ હતા અમે આખી જે પોલીસ હતી આખા શહેરમાં જે નવરાત્રીના ઉત્સવ ચાલતો ત્યારે અમે બંદોબસ્તમાં હતા આજનો જે સ્પેશિયલ પ્રોગ્રામ છે આ આપણે જામનગર પોલીસ પરિવાર માટે છે અને અમે જે પોલીસના જે અમારા જે સભ્યો છે અને થાણા ઈન્ચાર્જ સહિત બધા એટલા દિવસ બધા માટે સુરક્ષા ઉભા રહેતા હતા એટલા માટે આજે અમે વિચાર્યું કે બધાને અહીંયા ગરબા રમવાનું મોકો મળે અને બધા પોતપોતાના પરિવાર સાથે અહીંયા ગરબા રમે એટલા માટે આયોજન કરવામાં આવ્યું છે. તેઓ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ખોજાવાડમાં પિતા-પુત્રો પર હથિયારોથી હિંચકારો હુમલો

## જુની અદાવતનો ખાર રાખી આરોપીઓ ધોકા, પાઈપ, છરીથી તુટી પડયા : નવ સામે ફરીયાદ




તસ્વીરઃ જીતુ સોલંકી

જામનગરઃ જામનગરના ખોજાવાડ વિસ્તારમાં જુની અદાવતના કારણે વાહનોમાં હથિયારો સાથે આવેલા શખ્સોએ પિતા-પુત્રો પર હુમલો કર્યો હતો, આ બનાવ અંગે નવ શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવવમાં આવી છે.

જામનગરમાં ખોજાવાડ પીર ચોક ખાતે રહેતા લીયાકત ઉર્ફે લાલો અસગરભાઈ રૂંજા (ઉ.વ.૩૦) નામના યુવાન સાથે અગાઉ મોસીનને રકઝક થયેલ હોય એ જુની અદાવતનો ખાર રાખીને ગઈકાલે આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી, પ્રાણઘાતક હથીયારો ધોકા, પાઈપ, છરી સાથે અલગ અલગ મોટરસાયકલમાં લીયાકતના ઘર પાસે દોડી આવ્યા હતા.

દરમ્યાનમાં લીયાકત અને તેના પિતા તથા ભાઈ પર હુમલો કર્યો હતો જેમાં લીયાકતને બંને પગમાં અને શરીરે મુંઢ ઈજા, તથા મુસ્તાકને પગમાં ફ્રેકચર અને શરીરના ભાગે ઈજાઓ તેમજ અસગરભાઈને મુંઢ માર માર્યો હતો, આ ઉપરાંત આરોપીઓએ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી દીધી હતી. બનાવના પગલે આજુબાજુના લોકો અને પોલીસ ટુકડી દોડી આવી હતી.

ઈજાગ્રસ્તોને સારવાર માટે તાકીદે જી.જી. હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા, દરમ્યાન આ બનાવ અંગે લીયાકત રૂંજા દ્વારા સીટી-એમાં જામનગરના મોસીન ખફી, અકરમ ઉર્ફે કારો ખફી, મહમદ ઈકબાલ ઉર્ફે ટકી ખફી, નાજીર ખફી, નાજીર ઉર્ફે કાન કાપલો ખફી, શાહરૂખ ખફી, સદામ બાડો, આબીદ બ્લોચ, નદીમ ખફીની વિરુધ્ધ જુદી જુદી કલમ મુજબ ફરીયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# સોયલ સીમમાં ખેતમજુરે માઠુ લાગતા ગળાફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી

જામનગરઃ ધ્રોલના સોયલ ગામની સીમમાં રહેતા ખેતમજુર યુવાને મનમાં લાગી આવતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. વતનમાંથી અહીં કામ માટે બોલાવતા પરાણે આવેલ હોય આથી આ પગલુ ભરી લીધું હતું.

મુળ એમપીના અલીરાજપુરના માફીદાર ફળીયુના વતની અને હાલ ફલ્લા ગામમાં રહી સોયલ સીમમાં વાડી ખાતે મજુરી કામ કરતા સરદાર ગીરમસિંહ માવી (ઉ.વ.૨૦) નામના યુવાને ગઈકાલે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજયુ હતું.

આ બનાવની જાણ ગીરમસિંહ કીલાનભાઈ માવીએ ધ્રોલ પોલીસમાં જાણ કરી હતી, જેમાં જણાવ્યુ હતું કે જાહેર કરનારના પુત્ર સરદારને તેના પિતા ફોન કરીને વતન એમપીમાંથી અહીં સોયલ ગામે વાડીમાં કામ માટે બોલાવતા હોય જે કે મરણજનારને આવવું ન હોય તેમ છતા વારંવાર ફોન કરતા યુવાન પરાણે અહીં આવ્યો હતો અને નિરાશ રહેતો આ બાબતે મનમાં લાગી આવતા પગલુ ભરી લીધું હતું.

# રણજીતનગરમાં જુગારના અખાડા-માંથી ૨ મહિલા સહિત ૬ ની અટક

## એલસીબીનો દરોડોઃ રોકડ, વાહનો અને મોબાઈલ કબ્જે

જામનગરઃ જામનગરના રણજીતનગરના એક ફલેટમાં જુગારનો અખાડો ચાલતો હોવાની બાતમી આધારે એલસીબીએ દરોડો પાડીને મહિલા સહિતના છ શખ્સોની અટકાયત કરી હતી.

જામનગરના રણજીતનગર બ્લોક નં. ૪માં મહિલા દ્વારા જુગારનો અખાડો ચલાવી નાલ ઉઘરાવવામાં આવે છે એવી બાતમી એલસીબીને મળતા દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં તિનપતીનો જુગાર રમતા રણજીતનગર બ્લોક નં. ૪, ફલેટ નં. ૩૭માં રહેતી નર્મદાબેન ઉર્ફે શોભના સુખદેવ ગોસ્વામી, જનતા ફાટક પાસે દર્શનવીલા એપાર્ટમેન્ટ બ્લોક ૫૦૨માં રહેતી જયશ્રીબેન રાજેન્દ્ર વારીયા, રંગમતી સોસાયટી-૩માં રહેતા ઈમરાન મુરલહક કશ્મીરી સૈયદ, હાપા શિવ રેસીડેન્સી બ્લોક ૧૩૩માં રહેતા ઉમેશ ધીરજલાલ વીંછી, સત્યમ કોલોની પરિવાર એપાર્ટમેન્ટ બ્લોક ઈ/૧૦૨માં રહેતા નિતીન નેમચંદ ગુઢકા અને સરદારનગર શેરી નં. ૩માં રહેતા રાજેશ પ્રેમજી બકરાણીયાને રોકડા ૨૨૪૪૦ તથા ૪ મોબાઈલ, ૩ વાહન સહિતના મુદામાલ સાથે પકડી પાડયા હતા.

# સલાયામાં માતાએ પુત્ર બચાવવા જતા વિજશોકથી બન્નેના મોત

## ૧૧ કે.વી.ની લાઈન લાગ્યો વિજશોકઃ બાળક છતપર રમતા રમતા વાયરના અડતા બન્યો બનાવ

જામનગરઃ જામ ખંભાળિયા તાલુકાના સલાયામાં છત પર રમતા રમતા બાળકને ૧૧ કે.વી.ના વીજ વાયરને અડી જતા તેને જોરદાર કરંટ લાગ્યો હતો. જેથી તેનું કલાકોમાં જ મોત થયું હતું જ્યારે તેને બચાવવા છતાં તેની માતાને પણ વીજશોક લાગ્યો હોય જેને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવતા આજરોજ સારવાર દરમિયાન તેનું પણ મોત થયું હતું. માતા પુત્રના મોત થતા મુસ્લિમ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, જામખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતો જમીલ ઈમરાનભાઈ મોગલ નામનો સાત વર્ષનો બાળક ગત તા. ૧૦/૯ રોજ બપોરના પોતાના ઘરે છત પર રમતો હતો ત્યારે અહીં મકાન પરથી પસાર થતી ૧૧ કેવીની વીજ લાઈનને અકસ્માતે અડી જતા તેને જોરદાર કરંટ લાગ્યો હતો પુત્રને કરંટ લાગ્યાનું જોઈ જ હતા તેની માતા રીઝવાનાબેન પુત્રને બચાવવા માટે જતા તેને પણ કરંટ લાગ્યો હતો જેથી માતા પુત્ર બને ને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં કલાકોમાં જ માસુમ બાળક જમીનનું મોત થયું હતું જ્યારે તેની માતા રીઝવાના ને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન ગઈકાલ રાત્રિના રીઝવાનાબેને પણ હોસ્પિટલ બીછાને દમ તોડી દીધો હતો. પરિણીતાને સંતાનમાં બે પુત્ર હોવાનું તેમજ તેમના પતિ ઈમરાનભાઈ વહાણવટનું કામ કરતા હોવાનું માલુમ પડ્યું છે. વીજ શોકથી માતા-પુત્રના મોતની આ ઘટનાને પગલે મુસ્લિમ પરિવારમાં શોખ છવાઈ ગયો હતો.

# શહેરમાં આર્મીમેન સહિત બે શખ્સ શરાબના જથ્થા સાથે પકડાયા

## બાલાજીપાર્ક અને ભકિતનગરમાં એલસીબીના દરોડા

જામનગરઃ જામનગર પોલીસ દ્વારા પ્રોહીબીશનના કેશો શોધી કાઢવા ડ્રાઈવનું આયોજન કરેલ હોય દરમ્યાન એલસીબીની ટુકડીએ બાલાજી પાર્ક વિસ્તારમાંથી આર્મીમા નોકરી કરતા એક શખ્સને વિદેશી દારુની ૬૩ બોટલ સાથે અને ભકિતનગર વિસ્તારમાંથી એક શખ્સને બે બોટલ શરાબ સાથે દબોચી લીધો હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમારએ જામનગર જીલ્લામાં પ્રોહીબીશન જુગારના કેશો શોધી કાઢવા સૂચના આપેલ હોય, જેથી જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ આ અંગે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરેલ હોય, જેથી એલ.સી.બી. પો.ઈન્સ . જે.વી.ચૌધરીના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઈ. આર.કે.કરમટા, પો.સ.ઈ. એસ.પી.ગોહિલ તથા પો.સ.ઈ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન સ્ટાફના હરદીપભાઈ બારડ, મયુરસિંહ પરમાર, હરદીપભાઈ ધાંધલને મળેલ હકિક્ત આધારે જામનગર આરોપી કૌશલેન્દ્ર સર્વેસિંહ બૈસ (ઉ.વ.૩૪) આર્મીમાવાળો ગૌહાટી આસામ, રહે. જામનગર ઢીચડા રોડ બાલાજી પાર્ક-૦૨ પ્લોટ નં. ૧૧૪, વાળાના કબ્જાના મકાનમાથી ઈંગ્લીશ દારૂ બોટલ ૬૩, કિ. ૨૫૨૦૦ સાથે પકડી લીધો હતો.

જયારે અનીસીંગ વિજયસીંગ બૈસ (રાજપુત) રહે. જામનગર દિગ્જામ મીલ પાસે, ભકિતનગર વોરા બિલ્ડીંગ પાસે મુળ યુપીવાળાના કબજાના મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૨ બોટલ કિ. ૮૦૦ના મુદામાલ કબ્જે કરી આરોપી વિરુધ્ધ રૂષીરાજસિંહ વાળાએ પ્રોહીબીશન હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં માલગાડી હડફેટે યુવાનનું મોત



જામનગર રેલવે સ્ટેશન રેલવે કી. મી .૮૨૮/૭ પાસે માલગાડી હડફેટે આવી જતા એક અજાણ્યો પુરુષ આશરે ૩૫ થી ૪૦ વર્ષના યુવાનું મૃત્યુ નિપજયુ છે. આ અંગે રેલ્વે પોલીસે કબ્જો લઈ ઓળખ મેળવવા સહિતની તપાસ હેડ કોન્સ. ભીમશીભાઈ કરંગીયા અને કોન્સ. મયુરભાઈ ચલાવી રહયા છે.

# આરીખાણાના પાટીયા પાસે ગોઝારા અકસ્માતમાં યુવાનનું મોત

## ડબલ સવારી બાઈક માર્ગ પર બંધ પડેલા ટ્રકની પાછળ ઘૂસી ગયું : પાછળ બેઠેલો યુવક ઘાયલ

જામનગરઃ લાલપુર તાલુકાના આરીખાણા ગામના પાટીયા પાસે વધુ અકસ્માતમાં માનવ જિંદગી હોમાઈ છે. બાઈકના ચાલક યુવાનનું માર્ગ પર બંધ પડેલા ટ્રકની સાથે ધડાકાભેર ટકરાઈ જતાં અંતરીયાળ મૃત્યુ નીપજયું છે, જ્યારે પાછળ બેઠેલા યુવકને ઈજા થઈ છે.

જામનગર નજીક હાપા યોગેશ્વર સોસાયટી શેરી નંબર-૧માં રહેતો અભિનવ રમેશચંદ્ર મિશ્રા નામનો ૩૭ વર્ષનો યુવાન પોતાના બાઈક નં. જીજે૧૦બીએલ-૭૫૮૦ માં રાજકોટના સરદાર હાઈટસ ખાતે રહેતા ધર્મેશ પરસોતમભાઈ વેકરીયા નામના ૪૦ વર્ષના યુવાનને પોતાના બાઈકમાં પાછળ બેસાડીને જામનગર- લાલપુર ધોરી માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો.

જે દરમિયાન આરીખાણા ગામના પાટીયા પાસે બંધ પડેલા ટ્રક જીજે ૦૧-જેટી-૨૧૪૪ની પાછળ બાઈક ટકરાઈ ગયું હતું, અને ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં બાઈક ચાલક અભિનવ મિશ્રાનું ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજયું હતું. જયારે પાછળ બેઠેલા ધર્મેશ વેકરીયાને નાની મોટી ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતના બનાવ અંગેની જાણ થતાં લાલપુરનો પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ જીજી હોસ્પિટલે દોડી આવ્યો હતો, અને વધુ તપાસ હાથ ધરી છે.

# ભરાણા ગામે કારમાં દંપતીનું અપહરણ

## બે અજાણ્યા સહિત ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ

ખંભાળિયાઃ ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે રહેતા ફૈઝલ મામદહનીફભાઈ સુંભણીયા તથા તેમના પત્ની આઈશાબેન ફૈઝલભાઈ સુંભણીયા ગઈકાલે શુક્રવારે સાંજે ભરાણા ગામ નજીક તેની તેઓની પરિણીત ભાણેજ ફિજાબેન મુસ્લિમભાઈ ભાયા (ઉ.વ. ૧૯) સાથે ઉભા હતા. ત્યારે તેઓ પાસે એક બ્લુ કલરની મોટરકાર આવીને ઊભી રહી હતી.

આ કારમાંથી ત્રણ શખ્સો ઉતર્યા હતા. જે પૈકી એક શખ્સની ઓળખ ફૈઝલભાઈએ બિલાલ મારાજ તરીકે આપી હતી. બિલાલ મહારાજ તથા અન્ય બે અજાણ્યા શખ્સોએ ફૈઝલને બિભત્સ ગાળો કાઢી, બેફામ મારવા લાગતા તેમના પત્ની આઈશાબેન તથા ભાણેજ ફિજાબેન ભાયાએ તેઓએ અટકાવ્યા હતા. પરંતુ અપહરણ કરવાના આશયથી આવેલા ત્રણેય શખ્સોએ ફૈઝલ તથા આઈશાબેનને મોટરકારની વચ્ચેની સીટ ઉપર બેસાડી અને ત્યાંથી લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું હતું.

આમ, બિલાલ મારાજ તથા અન્ય બે શખ્સોએ બ્લુ કલરની મોટરકારમાં આવી અને ફૈઝલને ગાળો કાઢી, માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપીને ફૈઝલ તથા આયશાબેનનું અપહરણ કરીને લઈ ગયા હોવાનું જાહેર થયું છે. જે અંગે વાડીનાર મરીન પોલીસે ફીજાબેન મુસ્લિમભાઈ ભાયાની ફરિયાદ પરથી ત્રણેય શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) અને ૩૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ઢીચડા સીમમાં માર માર્યાની સામ સામી ફરીયાદ

જામનગરઃ જોડીયા ભુંગા કચ્છી પાડામાં રહેતા સુલતાન અયુબ છરેચા (ઉ.વ.૨૮) નામનો યુવાન ગત તા. ૨૫ના સાંજના સુમારે ઢીચડા સીમમાં દરીયાઈ ચેનલે જીંગા પકડવા ગયો હતો, ત્યારે આરોપીઓએ અહીં આવવું નહીં તેમ કહી ફરીયાદી તથા તેના ભાઈને અપશબ્દો બોલી ઢીકાપાટુ અને ધોકા વડે માર મારી ઈજા કર્યાની તેમજ ધમકી દીધી હતી. આ અંગે સુલતાને ગઈકાલે બેડી મરીન પોલીસમાં સરમત ગામના રમઝાન આદમ કેરેચા અને ઈલીયાસ આદમ કેરેચાની વિરુધ્ધ ફરીયાદ કરી હતી. સામા પક્ષે સરમતના રમઝાન આદમ કેરેચા (ઉ.વ.૨૮)એ વળતી ફરીયાદ જોડીયા ભુંગાના સુલતાન અયુબ છરેચા અને હનીફ અયુબ છરેચાની વિરુધ્ધ નોંધાવી હતી કે, જીંગા પકડવા આવવું નહી તેમ કહી બોલાચાલી કરી અપશબ્દો બોલી પાઈપ, ઢીકાપાટુ વડે ફરીયાદીને માર માર્યો હતો અને ધમકી દીધી હતી.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com